# આખરે તેલંગાણા બિલને કેબિનેટની મંજુરી

## હૈદરાબાદ પાટનગર હશે : વડાપ્રધાનના નિવાસે યોજાયેલી બે કલાક લાંબી બેઠક બાદ નિર્ણય : આંધ્ર વિધાનસભા દ્વારા ફગાવી દેવામાં આવ્યાના એક સપ્તાહ બાદ કેબિનેટે બિલને લીલીઝંડી આપી : ધાંધલની વચ્ચે સંસદમાં બિલને લઈને અનિશ્ચિતતા



નવી દિલ્હી,તા. ૭ એક અતિ મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં કેન્દ્રિય કેબિનેટે જટિલ તેલંગાણા બિલને લીલીઝંડી આપી દીધી હતી આની સાથે જ આને લઈને ચાલી રહેલા સસ્પેન્સનો અંત આવ્યો હતો. વડાપ્રધાનના સાત રેસકોર્સ રોડ નિવાસ સ્થાન ખાતે યોજાયેલી બે કલાક લાંબી બેઠકમાં આને લીલીઝંડી આપવામાં આવી હતી. કેન્દ્રિય કેબિનેટની બેઠક આજે બિલ પર ચર્ચા કરવા માટે બોલાવવામાં આવી હતી. હવે તેલંગાણા બિલ સંસદમાં મોકલવામાં આવશે. આંધ્રપ્રદેશ વિધાનસભા દ્વારા આને હાલમાં જ ફગાવી દેવામાં આવ્યુ હતુ. વર્તમાન બિલમાં તેલંગાણા અને સિમાન્ધ્ર માટે સંયુક્ત પાટનગર તરીકે હૈદરાબાદની વાત કરવામાં આવી છે. આંધ્રપ્રદેશના વિભાજન બાદ પ્રથમ ૧૦ વર્ષ હૈદરાબાદ સંયુક્ત પાટનગર તરીકે રહેશે. જો કે સંસદમાં આ બિલની રજુઆતને લઈને અનિશ્ચિતતા બનેલી છે કારણ કે બંને ગૃહોમાં ભારે હોબાળો થઈ રહ્યો છે. તેલંગાણાના મુદ્દે સંસદમાં ભારે હોબાળો સભ્યો મચાવી રહ્યા છે. પ્રાદેશિક અને ક્ષેત્રીય પક્ષોની પ્રતિષ્ઠા પણ દાવ પર લાગી ગઈ છે. આ મામલામાં સંસદના પ્રથમ ત્રણ દિવસમાં કામગીરી ખોરવાઈ ગઈ છે. રાજ્યપાલ તેલંગાણામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર નજર રાખશે. એક અગ્રણી ટીવી ચેનલ સાથેની વાતચીતમાં જાણવા મળ્યુ છે કે કોંગ્રેસમાં નવી ખેંચતાણની સ્થિતિ સર્જાઈ શકે છે. ટીડીપીના વડા એન ચંદ્રબાબુ નાયડુએ કહ્યુ છે કે કોંગ્રેસ નેતાગીરી અને કેન્દ્ર સરકાર તમામ લોકશાહી સિદ્ધાંતોની વિરુદ્ધમાં તેલંગાણા મુદ્દા પર એક પક્ષીય રીતે આગળ વધી રહી છે. તેમણે કહ્યુ છે કે આ કોઈ વડાપ્રધાનને, સોનિયા ગાંધીને અથવા તો રાહુલ ગાંધીનો અંગત મુદ્દો નથી. આ મામલો નવ કરોડ તેલુગુ લોકોનો છે. દિલ્હીમાં બેસીને આ અંગે નિર્ણય લઈ શકાય નહીં. બંને સંબંધિત પક્ષોના લોકોને બોલાવવા જોઈએ. ત્યારબાદ નિર્ણય લેવાની જરૂર હતી. નાયડુએ કહ્યુ હતુકે એક પણ વખત લોકો સાથે આ મુદ્દે વાતચીત કરવામાં આવી ન હતી. સોનિયા ગાંધીએ આ અંગે કોઈ નિવેદન કર્યુ ન હતુ. રાષ્ટ્રીય મુદ્દા પર રાહુલ ગાંધી વાત કરી રહ્યા નથી. નાયડુએ એમ પણ કહ્યુ હતુ કે લોકશાહીમાં પહેલા ચર્ચા થવી જોઈએ ત્યારબાદ નિર્ણય થવો જોઈએ. તેલુગુદેશમ પાર્ટી તેલુગુ લોકોના જનકલ્યાણ માટે લડત ચલાવશે. વિભાજનના મુદ્દાને શાંતિપૂર્ણરીતે ઉકેલવામાં આવે તે જરૂરી છે.

## આંધ્રના મુખ્યપ્રધાન રેડ્ડી સામે પગલાની સંભાવના

### રેડ્ડી નવા રાજ્યની રચનાનો વિરોધ કરે છે : બંને ગૃહોમાં રાજ્યના વિભાજનને લઈને આંધ્રના સંસદ સભ્યોમાં વિભાજનની સ્થિતિ : ચૂંટણીમાં મુદ્દો છવાશે

નવી દિલ્હી,તા. ૭ તેલંગાણા બિલને કેન્દ્રિય કેબિનેટે લીલીઝંડી આપી દીધા બાદ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડી વધુ હોબાળો મચાવે તેવી શક્યતા છે. બીજી બાજુ કિરણકુમાર રેડ્ડી સંયુક્ત આંધ્રપ્રદેશ માટે કોઈ બાંધછોડ કરવા તૈયાર નથી. કોંગ્રેસ પાર્ટી હવે તેમની સામે પગલા લેવાની પણ તૈયારીમાં છે. એવું પણ જાણવા મળી રહ્યુ છેકે તેમની હકાલપટ્ટી કરવામાં આવી શકે છે.

આજે લોકસભામાં આ મામલે અવિશ્વાસ દરખાસ્ત સ્વીકારી લેવામાં આવી હતી. આંધ્રપ્રદેશમાંથી કોંગ્રેસના એક સભ્ય દ્વારા પણ સૂચિત રાજ્યનો વિરોધ કરીને દરખાસ્ત રજુ કરાઈ હતી. સુપ્રીમ કોર્ટમાં પણ આજે આ મામલો પહોંચ્યો હતો. કિરણકુમાર રેડ્ડી સામે આક્રમક પગલા લેવાય તેવી શક્યતા છે. લોકસભાની ચૂંટણીમાં તેલંગાણા મુદ્દો છવાયેલો રહે તેમ પણ માનવામાં આવે છે. મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડી નવા રાજ્યની રચનાનો તીવ્ર વિરોધ કરતા રહ્યા છે.

## સંસદમાં તેલંગાણા બિલની રજુઆત પર સ્ટેનો ઇન્કાર

### હાલના તબકકે દરમિયાનગીરીનો સુપ્રીમનો ઈન્કાર : કેન્દ્રને રાહત

નવી દિલ્હી,તા. ૭ એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટે આજે સંસદમાં તેલંગાણા બિલ રજુ કરવા ઉપર સ્ટે મૂકવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો અને કહ્યુ હતુ કે આ તબકકે તે સમગ્ર મામલામાં કોઈ પણ દરમિયાનગીરી કરવા માટે ઈચ્છુક નથી. જસ્ટિસ એચએલ દત્તુ અને એસ એ બોબડેની બનેલી બેંચે શ્રેણીબદ્ધ અરજીઓ પર સુનાવણી ચલાવતીવેળા કેન્દ્રને કોઈ આદેશ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. આંધ્રપ્રદેશમાંથી અલગ તેલંગાણા રાજ્યની રચના કરવાની હિલચાલને લઈને આને પડકાર ફેંકી શ્રણીબદ્ધ અરજીઓ કરવામાં આવી હતી. બેંચે ૧૮મી નવેમ્બર ૨૦૧૩ના અગાઉના આદેશનો ઉલ્લેખ કર્યો હતો. સંસંદીય બાબતોના પ્રધાન કમલનાથે કહ્યુ હતુ કે તેલંગાણાના મામલે ધાંધલ ધમાલ કોંગ્રેસ વિરુદ્ધ અન્ય પક્ષોનો મુદ્દો નથી. બેંચે આજે કહ્યુ હતુકે ૧૮મી નવેમ્બર ૨૦૧૩ અને આજની સ્થિતિ વચ્ચે કોઈ ફેરફાર થયો નથી. શ્રેણીબદ્ધ અરજીઓમાં જે દલીલો કરવામાં આવી છે તે યોગ્ય દેખાઈ રહી નથી. અલગ તેલંગાણા રાજ્યની રચનાનો વિરોધ કરી રહેલા લોકોએ બિલ રજુ કરવા પર સ્ટેની માંગ કરી હતી અને કહ્યુ હતુ કે એવી દહેશત રહેલી છે કે આ બિલ ૧૦મી ફેબ્રુઆરીના દિવસે સંસદમાં રજુ કરવામાં આવશે.

## બેંક કર્મચારીઓની ૧૦મીથી બે દિવસની હડતાળ

### બેન્કીંગ કામકાજ સંપૂર્ણ ઠપ થાય તેવી શક્યતા : કર્મચારી સંગઠન અને મેનેજમેન્ટ વચ્ચે પગાર વધારાના મુદ્દે બેઠક નિષ્ફળ : જાહેર ક્ષેત્રની બેંકના ૮ લાખ કર્મચારી

નવી દિલ્હી,તા.૭ બેંક કર્મચારીઓની બે દિવસની હડતાળને લઈને સામાન્ય લોકોમાં ચિંતાનું મોજું ફળી વળ્યું છે. પબ્લિક સેક્ટરની બેંકોના કર્મચારીઓ ૧૦મી ફેબ્રુઆરીથી બે દિવસની હડતાળ ઉપર જવા માટે કમરકસી ચૂક્યા છે. જેથી બેંક સાથે જોડાયેલી કામગીરીને વહેલી તકે પૂર્ણ કરી લેવા માટે લોકોને સૂચના આપવામાં આવી છે. કર્મચારી સંગઠનો અને મેનેજમેન્ટ વચ્ચે પગારમાં વધારો કરવાના મુદ્દે સહમતિ થઈ નથી જેથી હડતાળ પર જવા માટે જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓ નિર્ણય કરી ચૂક્યા છે. નેશનલ ઓર્ગેનાઈઝેશન ઓફ બેંક વર્કર્સ અને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયનના અધિકારીઓએ આ મુજબની માહિતી આપી છે. યુએફબીયુના અધિકારી એમ વી મુરલીનું કહેવું છે કે ચીફ લેબર કમીશનર સમક્ષ કર્મચારી સંગઠનો તથા ઈન્ડિયન બેંક એસોશીએશન વચ્ચેની બેઠકમાં વિવાદનો ઉકેલ આવી શક્યો ન હતો. એનઓબીડબલ્યુના મહાસચિવ અશ્વીન રાણાએ કહ્યું છે કે બેંક મેનેજમેન્ટે જે ઓફર કરી છે તે ફુગાવા મુજબ નથી જેથી યુનિયનો વિરોધ કરી રહ્યા છે. આ અગાઉ ૧૪મી ડિસેમ્બરના દિવસે પગારની સમીક્ષા કરવાના મુદ્દે વિખવાદ થયો હતો. આઈબીએની બેઠક પરિણામ વગરની રહ્યા બાદ જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓ ૧૮મી ડિસેમ્બરના દિવસે હડતાળ ઉપર ઉતરી ગયા હતા. કર્મચારીઓના પગારમાં વધારો કરવાનો મામલો ૨૦૧૨થી અટવાયેલો છે. અત્રે ઉલ્લેખનીય છે કે દેશમાં જાહેર ક્ષેત્રની ૨૭ બેંક છે અને તેમાં ૮ લાખથી વધુ કર્મચારીઓ કામ કરે છે આવી સ્થિતિમાં બેંક કર્મચારીઓની તકલીફને દૂર કરવા તરત ધ્યાન આપવા સરકાર ઉપર દબાણ વધી ગયું છે.

બેંક હડતાળથી બેંકીંગ સેવાને પ્રતિકૂળ અસર થશે. કારણ કે બેન્કીંગ કર્મચારીઓની સંખ્યા લાખોમાં છે. આવી સ્થિતિમાં બેંકના જરૂરી કામકાજ ઠપ થઈ જવાની શક્યતા છે. તમામ મહાકાય બેંકોના કર્મચારીઓ સરકાર ઉપર દબાણ વધારવાના હેતુસર કોઈ બાંધછોડ કરવા તૈયાર નથી અને હડતાળના મૂડમાં દેખાઈ રહ્યા છે.

## ૧૦ના દરની એક અબજ પ્લાસ્ટીકની નોટ જારી થશે

### પ્રાયોગિક આધાર પર હાલમાં પાંચ શહેરોમાં સૌથી પહેલા પ્લાસ્ટીક નોટ જારી થશે : સુરક્ષા પાસાઓને ઉમેરી લેવાશે

નવી દિલ્હી,તા.૭ સંસદમાં આજે માહિતી આપવામાં આવી હતી કે રૂપિયા ૧૦ની એક અબજ પ્લાસ્ટીકની નોટ વર્ષ ૨૦૧૪ના બીજા છ મહિનાના ગાળા દરમિયાન પાંચ શહેરોમાં ટ્રાયલના આધારે રજુ કરવામાં આવશે. આ પ્લાસ્ટીકની નોટને લઈને ભારે ઉત્સુકતા દેખાઈ રહી છે. સંસદમાં માહિતી આપવામાં આવી હતી કે રૂપિયા ૧૦ના દરની એક અબજ પ્લાસ્ટીકની નોટ રજુ કરવામાં આવનાર છે જે પાંચ શહેરોમાં આ નોટ રજુ કરવામાં આવનાર છે તેમાં કોચી, મૈસુર, જયપુર, શિમલા અને ભૂવનેશ્વરનો સમાવેશ થાય છે. ફિલ્ડ ટ્રાયલની પ્રક્રિયા ૨૦૧૪માંહાથ ધરવામાં આવનાર છે. લોકસભામાં લેખિત પ્રશ્નોના જવાબમાં નાણાં પ્રધાન નમો નારાયણ મિણાએ માહિતી આપતા કહ્યુ હતુ કે પ્લાસ્ટિકની નોટની સરેરાશ આયુષ્ય પાંચ વર્ષનું રહેશે. ચલણી નોટો પેપરની નોટ કરતા વધારે સ્પષ્ટ રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયામાં પ્લાસ્ટિકની નોટ સૌથી પહેલા રજુ કરવામાં આવી હતી. બનાવટી નોટ સામે રક્ષણના હેતુસર આ હિલચાલ હાથ ધરવામાં આવી છે. કેટલાક પશ્ચિમી દેશોમાં પણ પ્લાસ્ટીકની નોટ રજુક રવામાં આવી ચૂકી છે. એક પ્રશ્નના જવાબમાં મિણાએ કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૩માં ૩.૩૩ લાખ રૂપિયની બનાવટી નોટ કબજે કરવામાં આવી હતી જેની કિમત ૧૭.૬૪ કરોડની છે. ૨૦૧૨માં ૬.૬૬ લાખની બનાવટી નોટ અને ૨૦૧૧માં ૭ લાખની બનાવટી નોટ કબજે કરાઈ હતી. સુરક્ષા પાસાઓને ધ્યાનમાં લઈને નોટમાં નવા સુધારા થઈ રહ્યા છે. ગેરકાયદે પ્રવૃત્તિને રોકવા માટે નાણાં મંત્રાલય, ગૃહમંત્રાલય, આરબીઆઈ અને અન્ય સંબંધિત સંસ્થાઓ સક્રિય છે. બનાવટી નોટ ભારતમાં ઘૂસાડવાના પ્રયાસ પાકિસ્તાન દ્વારા પણ કરવામાં આવી ચુક્યા છે. એનઆઈએ દ્વારા આ મામલામાં તપાસ કરવામાં આવી શકે છે. બનાવની નોટ સાથે સંબંધિત ગુનામાં તેના દ્વારા ખટલો ચલાવવામાં આવે છે.

## દિલ્હી સરકારનું જનલોકપાલ ગેરબંધારણીય છે : પરાસરણ

### કેજરીવાલ સરકારની સામે વધુ એક અડચણ : અભિપ્રાયો માગવામાં આવ્યા બાદ સોલિસિટર જનરલે અંતે ખુલાસો કર્યો : ઉપરાજ્યપાલની પૂર્વ મંજૂરી જરૂરી

નવી દિલ્હી, તા.૭ અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની સરકાર ઉપર હવે જનલોકપાલને લઈને પણ તીવ્ર દબાણ વધી ગયું છે અને તેની પ્રતિષ્ઠાને ફટકો પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. આગામી સપ્તાહમાં જાહેર સ્થળ પર દિલ્હીના જનલોકપાલ બિલ પસાર કરવાના આમ આદમી પાર્ટી સરકારના નિર્ણયમાં નવી અડચણો આવી ગઈ છે. કારણ કે સોલિસિટર જનરલ મોહન પરાશરણે આ બાબત ઉપર ભાર મૂક્યો છે કે આના માટે ઉપરાજ્યપાલની પૂર્વ મંજૂરી લેવી ખૂબ જરૂરી છે. બીજી બાજુ સરકારને સમર્થન આપી રહેલી કોંગ્રેસ પાર્ટીએ પણ આની સામે જોરદાર વાંધો ઉઠાવ્યો છે. સોલિસિટર જનરલ મોહન પરાશરણે કહ્યું છે કે ઉપરાજ્યપાલની મંજૂરી લેવી ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે. કેન્દ્રની મંજૂરી લીધા વગર બિલ પસાર કરવાના દિલ્હી સરકારના પ્રસ્તાવની બંધારણીય કાયદેસરતા અંગે ઉપરાજ્યપાલ નજીબ જંગે પરાશરણનો અભિપ્રાય માગ્યો હતો. એમ માનવામાં આવે છે કે પરાશરણે ઉપરાજ્યપાલને કહ્યું છે કે મંજૂરી વગર બિલ પસાર કરવાની બાબત ગેરકાયદે રહેશે. સોલિસિટર જનરલે ઉપરાજ્યપાલને એમ કહ્યું હોવાનું જાણવા મળ્યું છે કે સંસદ દ્વારા ગયા વર્ષે પસાર કરવામાં આવેલા લોકપાલ અને લોકાયુક્ત બિલ અમલી બની ચૂક્યા છે. અને દિલ્હીમાં એક લોકપાલ બિલ કેન્દ્રીય કાયદાનાસંતુલનમાં રહેશે નહીં જેથી રાષ્ટ્રપતિની મંજૂરી લેવી પડશે.


દરમિયાન કોંગ્રેસે એવો નિર્ણય કર્યો છે કે તે બિલને રજૂ કરવાના સ્થળ ઉપર આનો વિરોધ કરશે. કોંગ્રેસના સમર્થન વગર આમ આદમી પાર્ટી ચાલી શકે તેવી સ્થિતિમાં નથી. દિલ્હી કોંગ્રેસના નેતાઓએ સરકારની યોજનાને ગેરબંધારણીય રીતે ગણાવીને ઉપરાજ્યપાલને મળવાનો નિર્ણય કર્યો છે અને તેમના ઉપર દબાણ વધારવામાં આવશે. આમ આદમી પાર્ટીને કોઈપણ ગેરબંધારણીય કામ કરવાની મંજૂરી અપાશે નહીં. બીજી બાજુ કેજરીવાલ સરકારે તમામ વિખવાદો વચ્ચે આના પસાર કરવાની જાહેરાત કરી છે. સરકારની ૧૩મી ફેબ્રુઆરીએ દિલ્હી વિધાનસભામાં બિલ રજૂ કરવાની યોજના છે. બિલ પસાર કરવાની કાર્યવાહી કોઈ સ્ટેડિયમમાં કરવાથી પહેલા બે દિવસ સુધી ચર્ચા વિચારણા થશે.

## સમાચાર ઝલક

- *લોકસભા અને રાજયસભામાં આજે પણ હોબાળો બંને ગૃહો મુલત્વી રખાયા.*
- *મજઠીયા પગારપંચ પત્રકારો-બિન પત્રકારો માટે એપ્રિલથી અમલ કરવા સુપ્રીમનો આદેશ.*
- *તામિલ માછીમારોને શ્રીલંકા વારંવાર અટકાયત કરે છે તે બદલ તામિલનાડુનાં સાંસદોમાં ઉગ્ર રોષ.*
- *આંધ્રપ્રદેશમાં અલગ રાજયના વિરોધમાં સરકારી કર્મચારીઓની હડતાળ ઉગ્ર બની.*
- *આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, આસામમાં રાજયસભાનાં સભ્યોની આજે ચુંટણી યોજાઇ.*
- *ભારત-ન્યુઝીલેન્ડ ટેસ્ટ મેચમાં ભારતનાં કંગાળ પ્રારંભ, બીજા દિવસનાં અંતે, ૧૩૦/૪ વિકેટો ગુમાવી.*
- *સૂરતમાં વોચમેને વિદ્યાર્થીની સાથે દુષ્કર્મ કર્યું.*
- *સુરેન્દ્રનગરમાં જૂથ અથડામણમાં ૨ વ્યક્તિઓનાં મોત.*
- *આગામી જીટીયુ પરીક્ષામાં સી.સી.ટી.વી. કેમેરાથી ચોરી પકડવા સંકજો ગોઠવાયો.*
- *કડી સર્વ વિદ્યાલય કડીમાં આઇ.ટી.સેલ.નો મેળો યાજાયો, ૪૦થી વધુ સ્ટોલ ગોઠવાયા.*
- *વડોદરા-રાજકોટમાં કિસાન સંઘે સૌરાષ્ટ્ર મેલ રોકી ખેડૂત આંદોલનની જમાવટ કરી.*
- *સુરતમાં ૨૦ કરોડના ખર્ચે ફિલ્મ અભિનેતા સંજીવકુમારના નામે ઓડિટોરીયમ બનશે.*
- *દિલ્હી સરકારના જનલોકપાલ બિલને કેન્દ્ર સરકારની મંજુરી જરૂરી છે : સોલીસીટર જનરલની સલાહ.*
- *અંકલેશ્વરમાં ૩૦ લાખનાં બ્રાઉન સુગર સાથે નાઇજીરીયન યુવાનની ધરપકડ.*
- *જમ્મુ કાશ્મીરનાં આરોગ્ય પ્રધાન સામે યૌન શોષણનો મામલો સામે આવ્યો, પ્રધાને રાજીનામું આપ્યું.*
- *અરૂણાચલના વિદ્યાર્થી નીડોનાં મોત અંગે દિલ્હી પોલીસની કાર્યવાહી સામે સુપ્રીમ નારાજ.*
- *ઊંઝા રેલ્વે સ્ટેશન ખસેડવા બાબતે વેપારીઓ, વિદ્યાર્થીઓ, મહિલાઓનો ઉગ્રવ વિરોધ.*
- *ગુજરાતમાં આઇ શ્રી ખોડિયાર માતાના પ્રાગટ્ય દિનની ઉત્સાહ ભેર ઉજવણી કરાઇ.*

## ભાગવત અંગે મિડિયાના હેવાલ ખોટા : અસિમાનંદ

### કોઈ ઇન્ટરવ્યૂ આપ્યાનો ઇન્કાર




નવી દિલ્હી,તા. ૭ કેટલાક આતંકવાદી હુમલાઓમાં આરએસએસના વડા મોહન ભાગવતની સંડોવણી છે તેવું કોઈ નિવેદન કર્યુ હોવાનો સ્વામી અસિમાનંદે ઈન્કાર કર્યો છે. અસિમાનંદે આતંકવાદી હુમલામાં મોહન ભાગવતની સંડોવણી છે તેવી વાત કરી નથી. મિડિયામાં પ્રકાશિત થયેલા અહેવાલોનો અસિમાનંદે રદિયો આપ્યો છે. હાથથી લખવામાં આવેલા પત્રમાં અસિમાનંદે કહ્યુ છે કે તેઓએ ક્યારે પણ મેગેઝિનને કોઈ ઈન્ટરવ્યૂ આપ્યુ નથી અથવા તો રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના વડા સામે આતંકવાદી હુમલામાં સંડોવણી હોવાની વાત કરી નથી. મેગેઝિનના અહેવાલને આધાર વગરના ગણાવીને તેમણે કહ્યુ છે કે તેઓ પ્રકાશક સામે કાયદેસરની કાર્યવાહી કરવા વિચારી રહ્યા છે. બીજી બાજુ મેગેઝિને આ અહેવાલ પર મક્કમ રહીને સ્વામી અસિમાનંદને પડકાર ફેંક્યો છે. મેગેઝિને ગઈકાલે અસિમાનંદને ટાંકીને કહ્યુ હતુકે આરએસએસના વડા મહોન ભાગવતે વર્ષ ૨૦૦૭માં થયેલા સમજૌતા એક્સપ્રેસ બ્લાસ્ટ કેસ, હૈદરાબાદ મક્કામસ્જિદ બ્લાસ્ટ કેસ અને અજમેર દરગાહ બ્લાસ્ટ કેસને મંજુરી આપી હતી. અસિમાનંદ આ બ્લાસ્ટમાં એક આરોપી તરીકે છે. અસિમાનંદે એવો દાવો કર્યો હોવાનું કહેવામાં આવ્યુ છે કે ભાગવતે આ હુમલાઓને મંજુરી આપી હતી. જો કે સંઘના લોકો પહેલાથી જ આ પ્રકારના આક્ષેપોને રદિયો આપી ચુક્યા છે.

## મોદીનું મોજું : ૨૦૧૪માં યુપીએ ફ્લોપ રહેવાનો સર્વેક્ષણમાં દાવો

### મોદીના મિશન ૨૭૨ને પણ સંપૂર્ણ સફળતા નહીં મળે તેવી શક્યતા : ભાજપ-એનડીએને ૩૩ સીટોનો ફાયદો થશે પરંતુ બહુમતી સુધી પહોંચવા હજુ મહેનતની જરૂર

નવી દિલ્હી,તા. ૭ લોકસભા ચૂંટણીને લઈને કરવામાં આવેલા નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર પ્રદેશ, બિહાર અને ઝારખંડમાં મોદી મેજિક જોવા મળશે પરંતુ લોકસભાની ચૂંટણીમાં મોદીના મિશન ૨૭૨ પ્લસને લઈને શંકા વ્યક્ત કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશમાં મોદીનું જોરદાર જાદુ હોવા છતાં ભાજપને સીટ તરીકે વધારે મોટો ફાયદો થઈ રહ્યો નથી. આ સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે એનડીએને દેશભરમાં ૩૩ સીટોનો ફાયદો થશે. સર્વે મુજબ એનડીએને ૨૦૨થી ૨૨૨ બેઠકો મળી શકે છે. જ્યારે યુપીએને ૯૯થી ૧૧૯ બેઠકો મળી શકે છે. અન્યોને ૨૧૨થી ૨૩૨ બેઠકો મળી શકે છે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે ઉત્તર પ્રદેશમાં નરેન્દ્ર મોદીને જોરદાર ફાયદો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૦૯માં ભાજપને ઉત્તર પ્રદેશમાં માત્ર ૧૦ બેઠકો જ મળી હતી જેની સરખામણીમાં ૨૦૧૪માં ભાજપને ૨૦ બેઠકોનો ફાયદો થઈ શકે છે અને ભાજપને કુલ ૩૦ બેઠકો મળી શકે છે. અન્ય પક્ષોને ૨૧૨થી ૨૩૨ બેઠકો મળવાની શક્યતા દેખાઈ રહી છે. સર્વે મુજબ જો હાલમાં ચૂંટણી યોજાય તો ભાજપની ૮૦માંથી ૩૦ બેઠકો મળી શકે છે. ૪૮ ટકા લોકોએ મોદીને પસંદગીના વડાપ્રધાન ઉમેદવાર પદના ઉમેદવાર તરીકે ગણાવ્યા છે. જ્યારે કોંગ્રેસ માટે આ સમાચાર સારા દેખાઈ રહ્યા નથી. કોંગ્રેસને વર્ષ ૨૦૦૯માં ૨૧ બેઠકો મળી હતી જેની સરખામણીમાં આ વખતે માત્ર ચાર બેઠકો મળી શકે છે.ઉત્તર પ્રદેશમાં બસપને ચાર બેઠકોનો ફાયદો થઈ રહ્યો છે.



તેની બેઠકોની સંખ્યા ૨૦થી વધીને ૨૪ થઈ શકે છે. જ્યારે સમાજવાદી પાર્ટીને ત્રણ સીટોનું નુકસાન થઈ શકે છે. તેની સંખ્યા ૨૩થી ઘટીને ૨૦ થવાની શક્યતા દેખાઈ રહી છે. માત્ર ઉત્તર પ્રદેશમાં જ નહીં બલ્કે બિહાર અને ઝારખંડમાં પણ મોદી તરફી વાતાવરણ જોવા મળી રહ્યું છે પરંતુ મોદી મિશન ૨૭૨ને લઈને હજુ વધારે મહેનત કરવાની જરૂર દેખાઈ રહી છે. કારણ કે એનડીએની બેઠકોની સંખ્યા ૨૦૨થી ૨૨૨ સુધી પહોંચી ગઈ છે તે જોતા સરકાર બનાવવાની સ્થિતિ તેની આવી રહી નથી.